શ્રી જનતા કેળવણી મંડળ, જંબુસર – સંચાલિત

જી.આર. નંબર

# શ્રીમતી હસમુખગૌરી શાંતિલાલ શાહ હાઈસ્કૂલ

**પ્રવેશ પત્ર**

કોલેજ કેમ્પસ, જંબુસર – ૩૯૨૧૫૦. જિ. ભરૂચ. ફોન નં. : ૨૨૦૧૦૪

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ** **સામાન્ય પ્રવાહ (કોમર્સ / આર્ટસ)**

ધોરણ : .................... વર્ગ : ............... ફોર્મ નંબર : .........................

૧. વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક પ્રથમ લખવી) : ...........................................................

૨. પિતા / વાલીનું નામ (અટક પ્રથમ લખવી) : ...........................................................

૩. ઘરનું સરનામું : ...........................................................

ટેલિફોન નંબર : ઘર........................... ઓફિસ ...........................

૪. પિતા / વાલીનો વ્યવસાય / સ્થળ : ...........................................................

૫. વિદ્યાર્થીની જન્મ તારીખ આંકડામાં : ............................ શબ્દોમાં : ............................

૬. પેટાજ્ઞાતિ : ...........................................................

૭. પછાત / સામાજિક પછાત / આર્થિક રીતે પછાત વર્ગના છો ? : ...........................................................

૮. છેલ્લે કઈ શાળામાં અભ્યાસ કરતા હતા ? : ...........................................................

૯. કયા ધોરણમાં દાખલ થવું છે ? : ધો. ૧૧ કોમર્સ / આર્ટસ

૧૦. છેલ્લી પરીક્ષા પાસ કર્યાનું વર્ષ : ........................... ધોરણ : ...............................

૧૧. છેલ્લે પસાર કરેલ પરીક્ષાનું વાર્ષિક પરિણામ : ...........................................................

(ગુણપત્રકની પ્રમાણિત નકલ સામેલ કરવી) : કુલ ગુણ : .......... મેળવેલ ગુણ : .......... ટકા : ............

૧૨. ગયા વર્ષની કુટુંબની વાર્ષિક આવક (આવક સર્ટિમાં જણાવ્યા મુજબ) : ...........................................................

૧૩. શાળામાં ચાલતો કોમ્પ્યુટર વિષય લેવા માંગો છો ? : હા/ના કોમ્પ્યુટર ફી રસીદ નંબર : ...............................

નોંધ : (૧) ઉપર દર્શાવેલ હકીકતો સાચી છે. આગળની શાળાનું પ્રમાણપત્ર (લિવીંગ સર્ટીફિકેટ તથા ગુણપત્રકની અસલ નકલ તથા તેની પ્રમાણિત નકલ આ સાથે રજૂ કરૂ છું.)

(૨) શાળામાં ચાલુ અને વખતો વખત બદલાતા તમામ ધારાધોરણો/નિયમો અમને માન્ય છે.

તારીખ : / /૨૦૧

...........................
વિદ્યાર્થીની સહી

...........................
પિતા / વાલીની સહી

::: કાર્યાલયના ઉપયોગ માટે :::

વિદ્યાર્થીનું પુરૂ નામ : ........................................................................ પ્રવેશ આપ્યો છે / નથી.

ધોરણ : ............... વર્ગ : ............ જનરલ રજિ. નંબર : .................... તારીખ : .....................

| ફી રસીદ નંબર | મળેલ નિભાવ ફી માહે જૂન – ૨૦૧ થી નવેમ્બર ૨૦૧ સુધી |
|---|---|

# શ્રીમતી હસમુખગૌરી શાંતિલાલ શાહ હાઈસ્કૂલ – જંબુસર
## ઉચ્ચતર માધ્યમિક શાળાના નિયમો

(૧) વિદ્યાર્થીઓએ શાળામાં સમયસર આવવાનું રહેશે. પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓએ ફરજિયાત હાજર રહી પ્રાર્થના પુરી થયા બાદ લાઇનમાં જ પોતાના વર્ગમાં જવું. રીશેષ પછી બીજો બેલ વાગતાં પોતાના વર્ગમાં હાજર રહેવું.

(૨) શાળામાં નક્કી કરેલ ગણવેશ દરરોજ પહેરીને જ આવવાનું દરેક વિદ્યાર્થી માટે ફરજિયાત છે. વિદ્યાર્થીઓએ સ્વચ્છ અને સુઘડ ગણવેશ પહેરવો. દરેક વિદ્યાર્થીએ ગણવેશ પર નક્કી કરેલ લોગો ફરજિયાત લગાવવાનો રહેશે.

(૩) પગમાં મોજા–ધોએલાં સ્વચ્છ પહેરવા તેમજ બૂટ વેલક્રોવાળા જ પસંદ કરવા. જો દોરીવાળા બૂટ હોય તો દોરી વ્યવસ્થિત બાંધવી.

(૪) દરેક વિદ્યાર્થીએ નખ વ્યવસ્થિત કાપેલા સાફ રાખવાના રહેશે. તેમજ વાળમાં તેલ નાંખી વ્યવસ્થિત ઓળવાના રહેશે, તથા ખિસ્સામાં રૂમાલ નિયમિત લાવવો.

(૫) શાળાના સમય દરમિયાન કોઈપણ વિદ્યાર્થી કોઈપણ કારણસર રજા સિવાય શાળાના કમ્પાઉન્ડની બહાર જઈ શકશે નહીં.

(૬) જો કોઈ વિદ્યાર્થી કોઈક કારણસર શાળા દરમિયાન ઘરે જવાનું હોય તો વાલીની ચિઠ્ઠી ફરજિયાત હોવી જોઈએ. ચિઠ્ઠી વગર રજા આપવામાં આવશે નહીં. અણધાર્યા સંજોગોમાં ઘરે જવાની રજા આપવામાં આવે તો બીજા દિવસે ચિઠ્ઠી લાવવી પડશે.

(૭) ગેરહાજર વિદ્યાર્થીએ શાળામાં હાજર થતી વખતે વાલીની ગેરહાજર રહ્યા બાબતની લેખિત ચિઠ્ઠી રજૂ કરવાની રહેશે.

(૮) વિદ્યાર્થીને કોઈ બીમારીના ચિહ્ને જણાય કે બીમાર હોય તો શાળામાં આવવું હિતકારક નથી. તે બાબતની જાણકારી શાળામાં કરવી. માંદગી બાદ વિદ્યાર્થી સારો થતાં શાળામાં હાજર થાય ત્યારે દાકતરી પ્રમાણપત્ર માંદગીનું કારણ તથા રજા માટેનો સમયગાળો દર્શાવતી અરજી વાલીએ મોકલવાની રહેશે.

(૯) અનિયમિત હાજરી, અભ્યાસમાં નિષ્કાળજી, ગેરવર્તણૂક યા શિસ્તભંગના કારણે વિદ્યાર્થીને શાળામાંથી છૂટો કરવામાં આવશે.

(૧૦) અવિવેકી, તોફાની વર્તન દાખવનાર, ભાંગફોડ પ્રવૃત્તિ કરનાર કે કરાવનાર તેમાં જોડાનાર શાળાની કોઈપણ વસ્તુને નુકસાન પહોંચાડનારનું નામ શાળામાંથી કમી કરવામાં આવશે, તે અંગે કોઈપણ ફરિયાદ ચાલશે નહીં.

(૧૧) શાળાના સમયપત્રક પ્રમાણે જરૂરી પાઠ્યપુસ્તકો, નોંધપોથીઓ, કંપાસ વગેરે જરૂરી સાધનો સાથે લાવવાના રહેશે. સાથે લાવેલ વસ્તુઓની સાચવણીની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(૧૨) વાલીએ વિદ્યાર્થીને શાળામાં કિંમતી ઘરેણાં કે ઘડિયાળ પહેરાવીને મોકલવાં નહીં. તેમ છતાં જો વિદ્યાર્થી કિંમતી વસ્તુઓ લઈને આવશે, તો તે સાચવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(૧૩) કોઈપણ વિદ્યાર્થીએ શાળામાં મોબાઈલ લઈને આવવું નહીં. જો મોબાઈલ સાથે શાળામાં આવશે તો મોબાઈલ જપ્ત કરવામાં આવશે. વર્ષ પુરૂ થયા બાદ પરત મળશે.

(૧૪) શાળામાં આવનાર તમામ પોતાના વાહનોનું મંડળે નક્કી કરેલ જગ્યા પર પાર્કીંગ કરવાનું રહેશે.

(૧૫) સમય સંજોગોને આધીન મંડળ દ્વારા શાળાના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે તો તે તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.